

## શિયાળાના અમૃતફળ સમાન તાજા આમળાનું બજારમાં આગમન

રાજ્યભરમાં ફુલ ગુલાબી ઠંડીના ચમકારા સાથે જ શિયાળાનો પ્રારંભ થઈ ચુક્યો છે. શિયાળો એ સ્વાસ્થ્યવર્ધક ઋતુ ગણાય છે અને આ મોસમમાં લોકો અનેક તાજા ફળોનું સેવન કરે છે. સીતાફળ અને જામફળ જેવા શિયાળામાં લોકોના મનપસંદ ફળો વચ્ચે પણ સ્ફૂર્તિદાયક અને ગુણકારી આમળા એ અમૃતફળ ગણાય છે. અને વીટામીન-સી થી ભરપુર હોય છે. જે શરીરને ખુબ લાભદાયક હોય છે. આમળામાંથી અનેક સ્વાદિષ્ટ બનાવટો બને છે. જેમાં બારેમાસ ખાઈ શકાય તેવા મુરબ્બા, અથાણાનો પણ સમાવેશ થાય છે. હાલ ઠેર ઠેર તાજા આમળા લારીઓમાં ભરીને વેચાતા જોવા મળી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ,ચિલોડા)

# આર્યુવેદિક ઉદ્યાનમાંથી કિંમતી ચંદનના લાકડાની ચોરી

### ચંદન ચોર ઈસમોએ ઉદ્યાનની દિવાલમાં બાકોરૂ કરી અંદર પ્રવેશ કરી પાંચ ફૂટ લાંબુ કિંમતી ચંદનનું લાકડું ઉઠાવી ગયા : પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના બોરીજ ગામમાં આવેલ આર્યુવેદિક ઉદ્યાનમાંથી ચંદન ચોરોએ મોડી રાત્રે દિવાલમાં બાકોરૂ પાડી કિંમતી ચંદનનું લાકડું ચોરી ગયા હતા. ચંદનનું લાકડું ચોરાતા વન વિભાગના અધિકારીઓમાં દોડધામ શરુ થઈ ગઈ હતી. આ સંદર્ભે સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી ચોરની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક બોરીજ ગામે સુંદર આર્યુવેદિક ઉદ્યાન આવેલું છે. જયાં અસંખ્ય કિંમતી ઔષધિઓ નો ઉછેર કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગાંધીનગરના તસ્કરો હવે ઘરફોડ ચોરી, વાહન ચોરી, મિલ્કત ચોરી વગેરે મુકી કિંમતી ચંદનના લાકડાની ચોરી તરફ સક્રીય બન્યા છે અને ગત રોજ રાત્રિના સમયે કોઈ ચંદન ચોર ઈસમે આર્યુવેદિક ઉદ્યાનની ફરતા કરવામાં આવેલી દિવાલમાં બાકોરૂ પાડી અંદર પ્રવેશ કર્યો હતો અને કિંમતી ચંદનના વૃક્ષનું અંદાજે પાંચ ફૂટ લાંબુ લાકડું ચોરી કરી ગયા હતા.

આ ચોરી અંગે સવારે ઉદ્યાન ગાર્ડ ચુનીલાલ, શાકાભાઈ પટેલને જાણ તથા તુરંત ઉચ્ચ અધિકારીઓને જાણ કરતા અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી અંદાજે રૂ. ૨૫ હજારનું ચદનનું લાકડું ચોરાતા ગાર્ડ ચુનીલાલ પટેલે સે-૨૧ પોલીસમાં જાણ કરતા પોલીસે ઘટના સ્થળે આવી તપાસ કરી હતી અને બાદમાં ચોરી અંગે ગુનો નોંધી ચંદનચોર ઈસમોની શોધખોળ હાથ ધરી છે જેની તપાસ સે-૨૧ પોલીસ સ્ટેશનના સેકન્ડ પી.આઈ. ડીંડોર ચલાવી રહ્યા છે.

# રંગબેરંગી ગોદડીઓ ચિલોડાના રાહદારીઓને આકર્ષી રહી છે

### ઠંડીમાં રક્ષણ માટેની શ્રેષ્ઠ પરંપરાગત વસ્તુ એટલે ગોદડી : ચિલોડામાં પરપ્રાંતીય શ્રમજીવી દ્વારા ગોદડીઓ બનાવી પેટિયું રળવાનો પ્રયાસ

ચિલોડા, તા. ૨૪

ચિલોડા સર્કલ આસપાસનો વિસ્તાર ગાંધીનગર જિલ્લામાં ખૂબ જ અવરજવરભર્યો અને વાહનવ્યવહારથી ધમધમતો વિસ્તાર બની ગયો છે. આ વિસ્તારમાં અનેક નાના-મોટા રોજગારને વિકસવા માટે યોગ્ય વાતાવરણ મળી રહ્યું છે. ઝડપથી વિકસી રહેલા આ સ્થળે દૂર-સુદૂરથી અનેક લોકો પેટિયું રળવા આવે છે. આવા જ એક પરપ્રાંતીય શ્રમજીવી પરિવાર દ્વારા શિયાળાની ઠંડીમાં હૂંફ આપતી પરંપરાગત ગોદડીઓ બનાવવાનો વ્યવસાય ચાલુ કરાયો છે.

એક તરફ ગાંધીનગર જિલ્લામાં ઠંડીનુંપ્રમાણ રાજ્યમાં સૌથી વધુ રહેવા લાગ્યું છે. ઠંડીથી રક્ષણ મેળવવા નકામા કપડાંઓના ઉપયોગ દ્વારા પરંપરાગત રીતે હાથેથી સીવીને બનાવવામાં આવતી ગોદડી એ ખૂબ જ ઉપયોગી વસ્તુ ગણાય છે. પરંતુ હાલના સમયમાં તેનું ચલણ ખૂબ ઓછુ થઈ જવા પામ્યું છે. જો કે ગ્રામ્ય વિસ્તારમાં 'ગોદડી' હાલ પણ એટલી જ ઉપયોગમાં લેવાય છે. નકામા કપડાઓ અને ગાભાઓને વ્યવસ્થિત રીતે ગોઠવી તેને જુની સાડીઓના કવર બનાવી હાથેથી સીવીને ગોદડી બનાવવામાં આવે છે. આ ગોદડી રજાઈ કરતાં વજનમાં વધુ હોવાથી ઠંડી સામે સારૂ રક્ષણ આપે છે. પરંતુ કદમાં પણ પાતળી હોવાથી તેને સંગ્રહ કરવા માટે ઓછી જગ્યાની જરૂર પડે છે.

આવી ઉપયોગી ગોદડીઓ બનાવી તેને વેચવા માટે ચિલોડા સર્કલે એક પરપ્રાંતિય શ્રમજીવી પરિવારે ધામાં નાખ્યા છે. ઉપર આભ ને નીચે ધરતીના સહારે આ શ્રમજીવી પરિવારે રોજગારી રળવા અને બે ટંકનો ખાડો પુરવા આ વ્યવસાય અપનાવ્યો છે પરંતુ હાલ ગોદડીનો વપરાશ ઓછો થતો હોઈ તેમને મહેનતના પ્રમાણમાં ઓછુ વળતર મળી રહ્યું છે અને ખૂબ જ સસ્તા ભાવે ગોદડીઓ વેચવી પડી રહી છે. જો કે રંગબેરંગી કપડાં દ્વારા આકર્ષક ગોદડીઓ બનાવી તેનો ગોળ ગોળ વાળી સુંદર ગોઠવણી દ્વારા આ શ્રમજીવીઓ આવતા-જતા અનેક રાહદારીઓ અને વાહનચાલકોનું ધ્યાન ખેંચી રહ્યાં છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલ 'શ્રમેવ જયતે'ના સૂત્રને સાર્થક કરતા આ પરિવારને જોઈ અનેક લોકો તેમનાથી અભિભૂત થઈ રહ્યા છે.



## આઈ ચેક અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ઈન્ફોસિટી જુનિયર સાયન્સ સ્કૂલ સરગાસણ ખાતે ૪૫૦ બાળકોની આંખની તપાસ જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટીના સહયોગથી અને પ્રોગ્રામ ઓફિસર શિલ્પાબેન ભટ્ટના સહયોગથી કરવામાં આવી હતી અને નંબર જણાતા બાળકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું તેમાં લાયોનેસ પ્રમુખ ચંદાબેન, દક્ષાબેન, રીટાબેન, સાધનાબેન, નિમિષાબેન તેમજ શાળાના પ્રિન્સિપાલ પ્રવીણાબેન વગેરે હાજર રહ્યા હતા. ચતુરભાઈ પટેલે સેવા આપી અને જહેમત ઉઠાવી પ્રોગ્રામ સફળ બનાવ્યો હતો.



રાજયમાં શિયાળાએ પોતાનો મિજાજ બતાવી દીધો છે. ગાંધીનગર અત્યારે રાજયનું સૌથી ઠંડુ શહેર બની ગયું છે ત્યારે વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ ગાંધીનગરે ઠંડીમાં થરથર ધ્રુજતા ગરીબ શ્રમજીવીઓને ૪૦૦ જટલા ગરમ સદરા, લેંઘા, ટોપી, પહેરાવ્યા હતા. બાળકોને ઠંડીમાં ગરમ હુંફ આપી ભગીરથ કાર્ય કર્યું હતું. સેવામાં અમૃતભાઈ મોઢ, પ્રતાપભાઈ પાલ્લીયા, ભરતસિંહ વાઘેલા, બિનાબેન કોટ્ટા જોડાયા હતા.

# રોટરી કલબના ઈન્ટરનેશનલ યુથ લીડરશીપ ટ્રેઈનીંગ સેમિનાર 'આઈ-રાયલા'નો ધમાકેદાર પ્રારંભ

### ૧૭ દેશોમાંથી આવેલા પ્રતિનિધિઓએ તેમના રાષ્ટ્રધ્વજ સાથે માર્ચ પાસ્ટ કરવા અનોખું દશ્ય સર્જાયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના ભાટ ખાતે ભારતીય ઉદ્યમિતા સંસ્થાન ખાતે રોટરી કલબ દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ યુથ ટ્રેનિંગ સેમિનાર 'આઈ-રાયલા'નું ધમાકેદાર ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદઘાટન સમારોહમાં ૧૭ દેશોના પ્રતિનિધિઓએ તેમના દેશના રાષ્ટ્રધ્વજ સાથે માર્ચ પાસ્ટ કરી હતી.

આ સમારંભમાં રોટરી કલબના ડિસ્ટ્રીકટ ગર્વનર જગદીશ પટેલ સહિત રણજિતસિંહ, કૃષ્ણકાંત જહા, કમલ જૈન, રાજેશ પ્રણામી, ભાનુ ગુપ્તા, સુરેશ પટેલ, જોઈતાભાઈ પટેલ અને જીતુભાઈ પટેલ જેવા દિગ્જજો ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત વિદેશથી આવેલ માસ્ટર ટ્રેઈનર ડેવિડ ગોયેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના પ્રારભે રોટરી કલબ ગાંધીનગરના પ્રમુખ દિલીપ પટેલે સ્પર્ધકોને આવકારવા સાથે કાર્યક્રમની ઝાંખી રજૂ કરી હતી. કાર્યક્રમનો પ્રારંભ 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૃદયમાં વહ્યાં કરે' પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો.

આ ગ્લોબલ લીડરશીપ ટ્રેઈનીંગ સેમિનારમાં યુકે, સ્પેન, ઈન્ડોનેશિયા, યુએસએ, નોર્વે, સ્વીટઝર્લેન્ડ, નેપાળ, સ્લોવાકિયા, થાઈલેન્ડ, જર્મની, મલેશિયા, વેનેઝુએલા, લટેપિયા, ઓસ્ટ્રેલિયા, સ્વીડન અને નેધરલેન્ડ વગેરે દેશોમાંથી સ્પર્ધકો ભાગ લેવા આવ્યા છે અને તેમણે આ સમારંભમાં તેના રાષ્ટ્રધ્વજ સાથે માર્ચ પાસ્ટ કરી અનોખું વાતાવરણ ખડું કર્યુ હતું. આ ઉપરાંત આ સેમિનારમાં ગુજરાત તેમજ ઓરિસ્સા, મધ્યપ્રદેશ, કર્ણાટક, રાજસ્થાન સહિત અનેક રાજયોમાંથી પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. આ ગ્લોબલ લીડરશીપ ટ્રેઈનીંગ સેમિનાર પાંચ દિવસ સુધી ચાલનાર છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

# દલિત સમાજ વેપાર ઉદ્યોગ ક્ષેત્રે આગળ વધે સહકારી અધિવેશન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં ૨૮ વર્ષથી દલિત સમાજની સેવામાં ઉત્કૃષ્ઠ કાર્ય કરતી ધી વસુધા ક્રેડીટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી દ્વારા સહકારી અધિવેશન યોજવામાં આવ્યું હતું. જેમાં સોસાયટી દ્વારા દલિત પરિવારો માટે કરવામાં આવતી કાર્યો વિશેની માહિતી પુરી પાડવામાં આવી હતી.

ઉદ્યોગ વ્યવસાય ક્ષેત્રે દલિત યુવા પેઢી નિર્ભય બની આગળ આવે તે માટે ગાંધીનગર ટાઉનહોલ ખાતે ગત-૨૧ નવેમ્બરના રોજ દલિત ઈન્ડિયન ચેમ્બર કેમ્પસ ઓફ એન્ડ ઈન્ડસ્ટ્રિઝ દ્વારા સહકારી અધિવેશન યોજવામાં આવ્યું હતું. જેમાં દલિત અગ્રણી ડૉ. રાજન પ્રિયદર્શી, સવિતાબેન કોલસાવાળા, રતિલાલ મકવાણા સહિત સહકારી આગેવાનો-અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમમાં મિલિન્દ કામલેએ જણાવ્યુ હતુ કે, ભારત દેશમાં દલિત યુવાધનની સંખ્યા દસ કરોડ જેટલી છે. તેમને વેપાર ઉદ્યોગ સ્થાપી નામ કમાવવાની ખેવના છે. ત્યારે આપણે સાથે મળી તેમના સપનાને પાંખો આપવી જોઈએ તેમજ દલિત ઉદ્યોગપતિઓએ રાજકારણમાં પડ્યા વિના 'જસ્ટ ટોક બિઝનેશ' ગુરૂમંત્ર અપનાવવો જોઈએ.

અધ્યક્ષસ્થાનેથી નિવૃત્ત એડીશનલ ડી.જી.પી. ડૉ. રાજન પ્રિયદર્શીએ દલિત ઉદ્યોગવીર થવુ એ સિંહનું કામ છે. એમાં અપાર ધિરજ, કૌશલ્ય અને નિષ્ઠા જરૂરી છે. ભારતીય સંસ્કૃતિમાં ભલે 'વસધૈવ કુટુંમ્બકમ' કહેવાતુ હોય પરંતુ દલિત સમાજ પ્રત્યે ભેદભાવ આજે પણ ચાલી રહ્યો છે તેમ જણાવ્યું હતું. ઉદ્યોગોમાં અડચણો તો આવતી જ રહેવાની પરંતુ આપણે અર્જુન જેવુ લક્ષ્ય રાખવાનું છે. બિલકુલ ચલિત થયા વિના આગળ વધવાનું છે તેમ ઉદ્યોગવીર રતિલાલ મકવાણાએ જણાવ્યુ હતુ.

કાર્યક્રમમાં સોસાયટીના પ્રમુખ અમૃતલાલ પરમારે દલિત સમાજની સહકારી મંડળીઓના વિકાસ માટેની મૂળભૂત સમસ્યાઓની ચર્ચા કરી હતી. વર્કશોપ, દુકાન, કાર્યાલય બનાવવા માટે તેમજ બંધ પડેલ મંડળીઓને પુનઃજીવીત કરવા યોજના અમલમાં મુકવા રાજય સરકારને વિનંતી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

સહકારી અધિવેશનમાં જી.કે. પંડ્યા, ડૉ. નીતિન ગુર્જર, મહેન્દ્રભાઈ ચાવડા, દિનેશ રાજવંશી, પત્રકાર, એમ. વી. ડાભી, ડૉ. યોગેશ મૈત્રેક સહિત મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જ્યોતિ-મહિલા મંડળના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૨૪

જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગરની બેઠક, નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન અને હોદ્દેદારોની વરણી કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યોતિ મહિલા મંડળની બેઠક તાજેતરમાં યોજવામાં આવી હતી. બેઠકમાં મંડળની તમામ બહેનો ઉપસ્થિત રહી હતી. જેમાં ગાંધીનગર શહેરમાં મહિલાઓની અસુરક્ષા સહિતના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકની શરૂઆતમાં બહેનોએ નવા વર્ષની શુભેચ્છાની આપ-લે કરી હતી અને નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે લત્તાબેન ચોકસી, ઉપપ્રમુખ તરીકે રક્ષિતાબેન ઉપાધ્યાય, પુષ્પાબેન મહેતા, નીરૂબેન નાયક, સેક્રેટરી તરીકે કુ. ચેતના બુચ, કોકિલાબેન નાયક, ખજાનચી તરીકે પ્રવિણાબેન પટેલ, સલાહકાર તરીકે સ્મિતાબેન જહા, શર્મિષ્ઠાબેન દવે અને સહમંત્રી તરીકે અરૂણાબેન ગજ્જર અને શાંતાબેન શ્રીમાળીની વરણી કરવામાં આવી છે.

## કુડાસણમાં ભાડુઆત અંગે જાણ ન કરનાર મકાન માલિક સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર નજીક કુડાસણ વિસ્તારમાં આવેલ રહેણાંક ફલેટમાં રહેતા ભાડુઆતોને ત્યાં ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે દરોડા પાડી સપાટો બોલાવ્યો હતો અને એક સાથે ૩ મકાનના માલિક સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર એસ.ઓ.જી.ના પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી એસ.ઓ.જી. દ્વારા નવા ગાંધીનગર વિસ્તારના કુડાસણ ગામની સીમમાં ચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાં કુડાસણ ગામની સીમમાં શ્રી રંગ હાઈટસ ફલેટના મકાન નં. ૨૦૧, ૩૦૨, ૧૦૨માંમકાન માલિકે મકાન ભાડે આપી ભાડુઆતની જાણ પોલીસ મથકમાં કરી ન હોવાનું બહાર આવ્યું હતું. આથી ટીમે ત્રણેય મકાન માલિકો સવિતાબેન પટેલ, ભીખાભાઈ પટેલ અને જયેશ પટેલ વિરૂધ્ધ ઈન્ફોસીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.



(તસવીર : નટુભાઈ પટેલ)

ગાંધીનગર તાલુકાના ચિલોડા-ડભોડા વિસ્તારમાં બાઈક ચોરીના બનાવો વધી રહ્યાં છે. અને આ ઉપરાતં બિવારસી વાહનો મળી આવવાના કિસ્સાઓ પણ બનવા પામી રહ્યાં છે. હાલમાં ચિલોડા તરફથી અમદાવાદના માર્ગે એક નંબર પ્લેટ વગરનું બાઈક બીનવારસી હાલતમાં ચારેક દિવસથી પડયું છે. અને આ બાઈકની નજીક પ્લાસ્ટીકની કોથળીમાં સફેદ પાવડર જેવો ભેદી માલ ભરેલો પડયો છે. આ બાઈક અંગે ગ્રામવાસીઓમાં અનેક તર્ક વિતર્કો ચાલી રહ્યાં છે ત્યારે પોલીસ તંત્રએ સત્વરે આ અંગે સઘન તપાસ હાથ ધરવાની જરુરિયાત જણાય છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૧
સૂર્યાસ્ત : ૫.૫૨

### તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૪૦ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હેપ્પી એન્ડીંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ધ એકવાલાઈઝર : ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૦૦

કિલ/દિલ : ૧૨.૪૫, ૩.૩૦

જ્ઞાના કીરુક્કમ (તમીલ) : ૭.૦૦

રંગ રસીયા : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

કીલ/દિલ : ૧૦.૦૦

હેપ્પી એન્ડીંગ : ૨.૦૦, ૫.૦૦, ૭.૪૫

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

ટીટ્ટો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

કિલ/દીલ : ૪.૧૫

સ્ક્રીન-૩ :

મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦

કિલ/દીલ : ૧.૦૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે. પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે.

**મિથુન** : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

### ચિરવિદાય

- સ્વ. ઉમાબેન માનસીંગ ગુરખા (ઉ.વ.૪૮) બી/જી-૧, આરસીએલ, સે-૨૬, ડીઆઈડીસી, ગાંધીનગર
- સ્વ. વિમલાદેવી ઉત્તમ (ઉ.વ.૬૦) પ્લોટ નં. ૭૭૯/૧, સેક્ટર-૨સી, ગાંધીનગર
- સ્વ. જશુભાઈ બચુભાઈ દંતાણી (ઉ.વ.૩૦) સેક્ટર-૩ (ન્યુ) છાપરાં, ગાંધીનગર
- સ્વ. અંબાબેન મોતીભાઈ પરમાર (ઉ.વ.૯૫) પ્લોટ નં. ૧૯૨/૨, સેક્ટર-૪એ, ગાંધીનગર
- સ્વ. બાવા કિશનાભાઈ ધરમદાસ (ઉ.વ.૪૫) ચરેડી છાપરા, સેક્ટર-૨૮, ગાંધીનગર